## મે. સુરતના ૫માં અધીક સિવીલ જજ અને જે.એમ.એફ.સી સાહેબશ્રીની કોર્ટમાં

**ફોજદારી કેસ નંબર–૭૨૭૪૩ સને ૨૦૨૩**
**આંક –**

**ફરીયાદીઃ – શ્રી સરકાર**
**વિરૂધ્ધ**
**આરોપીઃ – ગૌતમભાઈ વિઠલભાઈ વીકાણી**

**ગુનોઃ – જી.પી.એક્ટ ૧૩૧(બી)(૪)**

**// ચુકાદો //**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ કમીશ્નરશ્રીનુ જાહેરનામુ અમલમાં હોવા છતા જાહેરનામાનો ભંગ કરી જી.પી.એક્ટ ૧૩૧(બી)(૪) મુજબનો ગુનો કરેલ છે.
2. આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા પ્લી લઈ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાત એ કોઈના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઈ કારણ જણાતું નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

**// હુકમ //**

1. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ હેઠળ જી.પી.એક્ટ ૧૩૧(બી)(૪) મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી ને રૂ. ૧૦૦/– (અંકે રૂપીયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ના ભરે તો દિન – ૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
2. મુદ્દામાલનો નિયમ મુજબ ખરાઈ કરી નીકાલ કરવો.

હુકમ આજ તારીખ ૯ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા.૦૯ /૦૯ /૨૦૨૩**
**સુરત.**

**(કિ.એ.મારવાહા)**
**પાંચમાં અધિક સિવીલ જજ અને જે.એમ.એફ.સી સુરત**
**કોડ નં.જીજે–૦૧૫૫૮**